Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓના ઇન્ટર્નશિપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો: એક અભ્યાસ

ડૉ. ઊર્મિલા જી. ગામીત

આસિસ્ટન્ટ પ્રોફેસર

એમ. બી. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન,

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

**સારાંશ:**

એકવીસમી સદીની હરણફાળ વિકાસયાત્રામાં સતત પરિવર્તન પામતી અને બદલાતી પરિસ્થિતિ સાથે કદમ મિલાવવા, શિક્ષણના નૂતન પ્રવાહોની જાણકારી માટે તથા શિક્ષણમાં આવતા નવાચારની સાથે શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શિક્ષણમાં પણ સમયાંતરે પરિવર્તનો થતાં રહે છે. આવો જ એક બદલાવ એટલે બી.એડ. ના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ઇન્ટર્નશિપ કાર્યક્રમ. એન.સી.ટી.ઈ.સૂચિત ભલામણો ૨૦૧૪ અંતર્ગત બી.એડ.ના અભ્યાસક્રમના ભાગરૂપે પ્રશિક્ષણાર્થીઓ અસરકારક શિક્ષણ નિર્માણ પ્રક્રિયામાંથી પસાર થઈ સઘન અધ્યયન - અધ્યાપન અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના અનુભવો વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રાપ્ત કરે તે ઉદ્દેશથી બી.એડ્. માં ઇન્ટર્નશિપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

ઇન્ટર્નશીપ કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ સેવારત શિક્ષકની જેમ શાળામાં સંપૂર્ણ સમય કાર્યાન્વિત થઈ વૈવિધ્યપૂર્ણ શાળાકીય અનુભવો પ્રાપ્ત કરી, ગુણવત્તાયુક્ત, ઉમદા શિક્ષક બને તે જરૂરી છે. આવા શાળાના પ્રત્યક્ષ અનુભવોનો અને અધ્યયનનો સેતુ સાધી વાસ્તવિક શિક્ષણ જગતમાં અસરકારક શિક્ષક સ્વરૂપે કાર્યરત થાય ત્યારે જ શિક્ષણમાં ગુણવત્તા આવી શકે. આમ સતત પરિવર્તન થઇ રહેલા આજના યુગમાં ભાવિ શિક્ષકો પોતાનાં વ્યાવસાયિક ક્ષેત્રમાં જોડાયા બાદ કુશળતાપૂર્વક અધ્યાપનકાર્ય કરી શકે તે માટે વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં  ઇન્ટર્નશિપ કાર્યક્રમ એ આગવું સ્થાન ધરાવે છે.

આમ ઇન્ટર્નશિપ કાર્યક્રમ સાથે જેઓ ખરેખર જોડાયેલ હતા અને શૈક્ષણિક વર્ષ 2021-22 માં જે પ્રશિક્ષણાર્થીઓએ ઇન્ટર્નશિપ કાર્યક્રમ પૂર્ણ કરેલ હતો, એવા બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓ ઇન્ટર્નશિપ કાર્યક્રમ અંગે શું માને છે તે જાણવા માટે સંશોધકે પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધર્યું હતું. ઇન્ટર્નશિપ કાર્યક્રમ સાથે જોડાયેલ પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી મેળવવા માટે મુક્ત જવાબી પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. નિદર્શ પાસેથી મળેલ માહિતી ગુણાત્મક સ્વરૂપમાં હોવાથી માહિતીનું  સામાન્યકરણ  દ્વારા અર્થઘટન અને તારણો તારવવામાં આવ્યાં હતા.

**ચાવીરૂપ શબ્દો**: બી.એડ., પ્રશિક્ષણાર્થીઓ, ઇન્ટર્નશિપ, અભિપ્રાયો, અભ્યાસ

**પ્રસ્તાવના**

શિક્ષણ એ સતત ચાલતી સંકુલ અને જીવંત પ્રક્રિયા છે. જેમાં એક તરફ શિક્ષક અને બીજી તરફ વિદ્યાર્થીઓ છે. એટલા માટે શિક્ષણને દ્વિધ્રુવી પ્રક્રિયા કહેવામાં આવે છે. શિક્ષક એ સફળ શૈક્ષણિક પ્રક્રિયાનું મહત્વનું અંગ છે. એટલું જ નહીં શિક્ષક એ આપણા સમાજનું એક અવિભાજ્ય અંગ છે. તમામ માનવીના જીવન વિકાસમાં, રાષ્ટ્રના ઘડતરમાં અને શ્રેષ્ઠ નાગરિક ઘડતરમાં તેનું કાર્ય વિશેષ અને અનેરું હોવાથી તે આપણા સમાજનું એક મહત્વપૂર્ણ અને આવશ્યક પરિબળ છે. શિક્ષણ અને શિક્ષણ આપનાર શિક્ષકનું આટલું મહત્વ હોવા છતાં પ્રવર્તમાન સમયમાં શિક્ષણ જગતને એક પજવતો અને સતાવતો પ્રશ્ન છે ગુણવત્તાસભર શિક્ષણનો. જો શિક્ષણને ગુણવત્તાસભર બનાવવું હોય તો સૌથી પહેલા શિક્ષણ સાથે જોડાયેલ શિક્ષકોને ગુણવત્તાસભર તાલીમ આપી સુસજ્જ કરવા પડે. આ દ્રષ્ટિએ શિક્ષક -પ્રશિક્ષણ આપનાર સંસ્થાઓની જવાબદારી અનેકગણી વધી જાય છે. એક પ્રચલિત કહેવત મુજબ 'અનુભવ એ શ્રેષ્ઠ શિક્ષક છે.' આથી જ પ્રશિક્ષણાર્થીઓને શાળાનાં પ્રત્યક્ષ અનુભવો પ્રાપ્ત થાય તે અત્યંત જરૂરી છે. શિક્ષકના વ્યવસાય માટે સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે સાથે પ્રાયોગિક-કાર્ય અને વાસ્તવિક પરિસ્થિતિમાં સ્વતંત્ર રીતે કાર્ય કરવાની તક આપવામાં આવે, શિક્ષણ વિષયક વિષયવસ્તુની સજ્જતા, શિક્ષક ક્ષેત્રના વલણ ઘડતર, હકારાત્મક વિચારણા, વર્તન વ્યવહાર, પ્રત્યાયન, આંતર વૈયક્તિક સંબંધો, જીવન કૌશલ્ય, બાળ માનસની સમજ જેવા વિવિધ મુદ્દાઓની સમજ પ્રશિક્ષણાર્થીઓ પાસે વધુ હશે એટલી શિક્ષણમાં ગુણવત્તા વધુ આવશે.

આમ પલટાતી પરિસ્થિતિ સાથે કદમ મિલાવવા, શિક્ષણના નૂતન પ્રવાહો અને શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે એન.સી.ટી.ઈ. સૂચિત ભલામણો ૨૦૧૪ અંતર્ગત બી.એડ.ના અભ્યાસક્રમના ભાગરૂપે સંપૂર્ણ તૃતીય સેમેસ્ટરમાં ઇન્ટર્નશિપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. એન.સી.ટી.ઈ. સૂચિત ભલામણો અંતર્ગત પ્રશિક્ષણાર્થીઓ 'શાળાકીય અનુભવો' પ્રાપ્ત કરી ગુણવત્તાયુક્ત, ઉમદા, ઉત્તમ, સમર્થ અને પ્રતિબદ્ધ શિક્ષકો તૈયાર થાય તેમજ ભવિષ્યમાં અનુભવ અને અધ્યયનનો સેતુ સાધી વાસ્તવિક શિક્ષણ જગતમાં અસરકારક શિક્ષક સ્વરૂપે કાર્યરત થાય તે દ્વિવર્ષીય બી.એડ. અભ્યાસક્રમની ફલશ્રુતિ કહી શકાય.

બી.એડ. ના તૃતીય સેમિસ્ટરના પ્રશિક્ષણાર્થીઓને બી.એડ. કોલેજ તરફથી અનુકૂળ શાળાઓની પૂર્વમંજુરી લઇ 'શાળા અનુભવો' માટે ૧૬ અઠવાડિયા સુધી ઇન્ટર્નશિપ કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં મોકલવામાં આવે છે. આમ ઇન્ટર્નશિપ કાર્યક્રમ એ પ્રત્યક્ષ તાલીમ માટે આગવું સ્થાન ધરાવે છે. આથી સંશોધકે ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં જોડાયેલ તૃતીય સેમિસ્ટરમાં અભ્યાસ કરતા ભાવિ શિક્ષકો ઇન્ટર્નશિપ કાર્યક્રમ અંગે કેવા અભિપ્રાયો ધરાવે છે તે જાણવા માટે સંશોધકે પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધર્યું હતું.

**1.1. સમસ્યાકથન**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સમસ્યાનું શીર્ષક નીચે પ્રમાણે શબ્દબદ્ધ કર્યું હતું.

**બી.એડ. ના પ્રશિક્ષણાર્થીઓના ઇન્ટર્નશિપ કાર્યક્રમ અંગેના અભિપ્રાયો: એક અભ્યાસ**

**1.2. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધન નીચે જેવા હેતુઓને ધ્યાનમાં રાખી હાથ ધરવામાં આવ્યો હતો.

1. ઇન્ટર્નશિપ કાર્યક્રમ સંદર્ભમાં માહિતી એકત્ર કરવા માટે મુક્ત જવાબી પ્રશ્નાવલીની રચના કરવી.
2. ઇન્ટર્નશિપકાર્યક્રમની શિક્ષકની વ્યાવસાયિક સજ્જતા વધારવા અંગે પ્રશિક્ષણાર્થીઓની માન્યતા સંદર્ભમાં માહિતી એકત્ર કરવી.
3. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને નડતી સમસ્યાઓ જાણવી.
4. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન નડતી સમસ્યાઓના ઉકેલો પ્રશિક્ષણાર્થીઓ પાસેથી પ્રાપ્ત કરવા.
5. ઇન્ટર્નશિપ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટેનાં સૂચનો પ્રશિક્ષણાર્થીઓ પાસેથી પ્રાપ્ત કરવા.

### 1.3. સંશોધનના પ્રશ્નો

સંશોધન દરમિયાન સંશોધકે નીચે પ્રમાણેના પ્રશ્નોના ઉત્તરો મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

1. ઇન્ટર્નશિપ કાર્યક્રમ વ્યાવસાયિક સજ્જતા વધારવા કઈ રીતે ઉપયોગી થાય છે ?
2. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન કઈ કઈ સમસ્યાઓ નડે છે ?
3. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન નડતી સમસ્યાઓના ઉકેલો કયા ક્યા છે ?
4. ઇન્ટર્નશિપ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટે ક્યાં સૂચનો આપશો ?

### 1.4. સંશોધનનો પ્રકાર

સંશોધનના સંખ્યાત્મક અને ગુણાત્મક પ્રકાર પૈકી પ્રસ્તુત સંશોધન એ ગુણાત્મક પ્રકારનું હતું. સંશોધનના મુખ્ય ત્રણ પ્રકાર મૂળગત, વ્યાવહારિક અને ક્રિયાત્મક પૈકી પ્રસ્તુત સંશોધન એ વ્યાવહારિક પ્રકારનું સંશોધન હતું.

### 1.5. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત આવતી સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું

### 1.6. વ્યાપ વિશ્વ અને નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન બી.એડ.માં અભ્યાસ કરતાં અને ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં જોડાયેલ પ્રશિક્ષણાર્થીઓ હતા. જેમાંથી એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન કોલેજના કુલ 100 પ્રશિક્ષણાર્થીઓને સહેતુક નમૂના પસંદગીથી નમૂનાના પાત્રો તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

### 1.7. સંશોધન ઉપકરણ

કોઈપણ સંશોધનમાં તારણો સુધી પહોંચવા માટે નમૂનાના પાત્રો પાસેથી માહિતી પ્રાપ્ત કરવી પડે છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નમૂનાનાં પાત્રો પાસેથી જરૂરી માહિતી એકત્ર કરવા માટે સ્વ-રચિત મુક્તજવાબી પ્રશ્નાવલિની રચના કરી હતી. જેમાં ઇન્ટર્નશિપ કાર્યક્રમ સંદર્ભમાં પાંચ પ્રશ્નો આપવામાં આવ્યા હતાં. જેમાં પ્રશિક્ષણાર્થીઓએ ઇન્ટર્નશિપ કાર્યક્રમ સંદર્ભમાં પોતાનાં વિચારો મુક્ત રીતે આપવાના હતા.

### 1.8. માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નમૂનાનાં પાત્રો પાસેથી જરૂરી માહિતી એકત્ર કરવા માટે સંશોધકે સૌ પ્રથમ એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન કોલેજના આચાર્યની પૂર્વમંજુરી લીધી હતી. કોલેજના આચાર્યની પૂર્વમંજુરી લીધા બાદ પ્રશિક્ષણાર્થીઓની રૂબરૂ મુલાકાત દરમિયાન પ્રશ્નાવલિનો સામાન્ય પરિચય આપી, પ્રશ્નોના સંદર્ભમાં પોતાનાં વિચારો લખવા માટે સમય આપવામાં આવ્યો હતો. પ્રશિક્ષણાર્થીઓએ આપેલ પ્રશ્નોના જવાબ લખ્યા છે કે નહી તેની ચકાસણી કરીને સંશોધકે પ્રશ્નાવલિ એકત્ર કરી હતી.

આમ માહિતી એકત્રીકરણની તમામ પ્રક્રિયા દરમિયાન કોલેજના આચાર્ય અને પ્રશિક્ષણાર્થીઓ તરફથી પૂરતો સહકાર મળ્યો હતો, જે હકીકતની સંશોધક કૃતજ્ઞતાપૂર્વક નોંધ લે છે.

### 1.9. માહિતી પૃથક્કરણ અને અર્થઘટનની રીત

પ્રસ્તુત સંશોધનમાં મુક્તજવાબી પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્ત થયેલ માહિતી ગુણાત્મક સ્વરૂપમાં હતી. આથી મળેલા ઉત્તરોમાંથી માહિતીનું સામાન્યીકરણ દ્વારા અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### 1.10. સંશોધનના તારણો

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત માહિતીના આધારે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કર્યા બાદ નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

1. **ઇન્ટર્નશિપ કાર્યક્રમની ઉપયોગિતાના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો**

   1. બધાં જ પ્રશિક્ષણાર્થીઓએ ઇન્ટર્નશિપ કાર્યક્રમ શિક્ષક તરીકેની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટે ઉપયોગી છે એ બાબત સાથે હકારાત્મક અભિપ્રાય આપી સહમત થયા હતા.

   2. મોટા ભાગના પાત્રોએ ઇન્ટર્નશિપ કાર્યક્રમ દ્વારા શિક્ષક તરીકે અધ્યાપનકાર્યનો પ્રત્યક્ષ અનુભવ, શાળાઓના દૈનિક કાર્યક્રમો અને વહીવટી કાર્યોની સંપૂર્ણ જાણકારી, વિવિધ સહભ્યાસિક પ્રવૃતિઓનું આયોજન, વ્યવસ્થાન અને સંચાલન કરવાની સૂઝનો વિકાસ, નવીન પરિસ્થિતિમાં અનુકુળ સાધવાની ક્ષમતાનો વિકાસ, અધ્યયન-અધ્યાપન કૌશલ્યનો વિકાસ, આત્મવિશ્વાસમાં વધારો તથા શિક્ષક તરીકે ભવિષ્યમાં આવનાર પડકારોની જાણ થાય છે એમ જણાવ્યું હતું.

   3. મોટા ભાગના પાત્રોએ ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન પ્રામાણિક્તા, નિયમિતતા, કર્તવ્યનિષ્ઠા, કાર્યની જવાબદારી, શિસ્ત જેવા જીવન ઘડતરના પાઠો શીખવા મળે છે તેમ જણાવ્યુ હતુ.

2. **ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને નડતી સમસ્યાઓના સંદર્ભે પ્રાપ્ત થયેલા તારણો**

   મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓને ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન નીચે મુજબની સમસ્યાઓ નડી હતી.

   1. ઇન્ટર્નશિપ કાર્યક્રમ માટે શાળાઓ મંજૂરી આપતી નથી.

   2. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન સુપરતકાર્ય વધુ હોવાથી પ્રાયોગિક કાર્ય કરવામાં ઓછો સમય મળે છે.

   3. શાળાઓમાં વિધ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાને કારણે પ્રાયોગિક કાર્ય અને સુપરતકાર્યો કરવામાં મુશ્કેલી પડે છે.

   4. કોલેજમાંથી આપવામાં આવેલ સુપરતકાર્યના સમયપત્રક મુજબ સુપરતકાર્ય કરવા માટે શાળામાંથી મંજૂરી મળતી નથી.

5. કેટલીક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફનો પૂરતો સાથ સહકાર મળતો નથી. કયારેક શાળના આચાર્ય દ્વારા કેટલાક કાર્યો કરવા માટે મંજૂરી આપવામાં આવતી નથી.
6. ઇન્ટર્નશિપ કાર્યક્રમ શરૂ થયા બાદ કોલેજના અધ્યાપકોનું પૂરતા પ્રમાણમાં માર્ગદર્શન મળતું નથી.

**3. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન નડતી સમસ્યાઓના ઉકેલોના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા તારણો**

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓએ ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન નડતી સમસ્યાઓના નીચે મુજબના ઉકેલો બતાવ્યા હતાં.

1. ઇન્ટર્નશિપ કાર્યક્રમ માટે કોલેજ દ્વારા જ શાળાઓની પસંદગી કર્યા બાદ, મંજૂરી મેળવી પ્રશિક્ષણાર્થીઓને જે તે શાળાની ફાળવણી કરવી જોઇએ.
2. ઇન્ટર્નશિપ કાર્યક્રમ માટે સુવિધાયુકત શાળઓ અને સંપૂર્ણ સહકાર આપી શકે એવી જ શાળાઓ પસંદ કરવી જોઇએ.
3. ઇન્ટર્નશિપ કાર્યક્રમ માટે શાળાઓની પસંદગી કર્યા બાદ શાળઓને પ્રશિક્ષણાર્થીઓએ કરવાના કાર્યોની માર્ગદર્શિકા આપવી અથવા એક દિવસીય સેમિનારનું આયોજન કરવુ જોઇએ.
4. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને નડતી સમસ્યાઓ અને અન્ય કરવાના કાર્યો અંગે કોલેજના અધ્યાપકો દ્વારા પૂરતા પ્રમાણમાં માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કોલેજમાંથી કરવી જોઇએ.
5. ઇન્ટર્નશિપ કાર્યક્રમ માટે જે તે સંસ્થાઓમાં પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા મર્યાદિત રાખવી જેથી પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય તાલીમ મળી રહે.

**4. ઇન્ટર્નશિપ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટેના સૂચનોના સંદર્ભમાં પ્રાપ્ત થયેલા**

**તારણો**

મોટાભાગના પ્રશિક્ષણાર્થીઓએ ઇન્ટર્નશિપ કાર્યક્રમને વધુ અસરકારક બનાવવા માટે નીચે મુજબના સૂચનો

સૂચવ્યા હતાં.

1. પ્રશિક્ષણાર્થીઓને  આપવામાં આવતા સુપરતકાર્યોની સંખ્યા ઓછી કરવામાં આવે તો પ્રાયોગિક કાર્યને વધુ અસરકારક બનાવી શકાય.
2. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓને અધ્યાપકો દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.
3. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન જે તે શાળાની રૂબરૂ મુલાકાત અધ્યાપકો દ્વારા થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.
4. ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓના દ્વારા કરવામાં આવતા કાર્યોનું મૂલ્યાંકન તટસ્થ અને નિષ્પક્ષ રીતે કરવું જોઇએ.

**ઉપસંહાર**

શિક્ષણ આપવાનું કાર્ય એક પવિત્ર કાર્ય છે. આવા પવિત્ર કાર્ય માટે તાલીમબદ્ધ અને સુસજ્જ શિક્ષકો હોય તો શિક્ષણની ગુણવત્તા વધે. માટે શિક્ષક પ્રશિક્ષણ આપતી સંસ્થાઓમાં શિક્ષક તરીકે મહત્વની ભૂમિકા ભજવી શકે તેવા શિક્ષકો તૈયાર થાય તે આવશ્યક છે. આથી ઇન્ટર્નશિપ જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમનું સતત અવલોકન અને ઉદ્દભવતી સમસ્યાઓ જાણી, ઉકેલો શોધવા જરૂરી છે. કાર્યક્રમના અંતે સમીક્ષા હાથ ધરીને આવતા અહેવાલો મુજબ પછીની ઇન્ટર્નશિપ કાર્યક્રમની વ્યુહરચના ઘડવામાં આવે તો મોટાભાગના પ્રશ્નો નિવારી શકાય અને ઇન્ટર્નશિપ કાર્યક્રમને વધુ ફળદાયી બનાવી શકાય.

**સંદર્ભ સૂચિ**


- ઉચાટ, ડી. એ., (૧૯૯૭). સામાજિક શાસ્ત્રોમાં સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો, રાજકોટ : પારસ પ્રકાશન.
- દેસાઈ, એસ. જી અને દેસાઈ. કે. જી.,(૧૯૯૨). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.
- પારેખ, ભગવાનલાલ. ઉ. અને ત્રિવેદી, મનુભાઈ (૧૯૯૪). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
- શાહ, વી.પી, (૧૯૯૪), સંશોધન અહેવાલ લેખન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
- રાવલ, બી. આઇ., (2003), દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજોના તાલીમાંર્થીઓને નડતી સમસ્યાઓનો અભ્યાસ.( એમ.એડ્. લઘુશોધ નિબંધ)સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
- રાવલ, બી. આઇ., (2009), વિધ્યાભરતી ગુજરાત પ્રદેશમાં શિક્ષણ પ્રશિક્ષણ :એક સર્વગ્રાહી સમીક્ષાત્મક અભ્યાસ. (એમ.એડ્. લઘુશોધ નિબંધ) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.
- રાવલ, બી. આઇ., (2019), બી.એડ. દ્વિ-વાર્ષિક અભ્યાસક્રમમાં ઇન્ટર્નશિપ કાર્યક્રમને અસરકારક બનાવવાની વ્યૂહરચનાઓ. શિક્ષણ દર્શન જર્નલ, બરોડા.